**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૮૫ ટકા

# આપણું ગાંધીનગર બની રહ્યું છે 'ખાડાનગર'

## સેકટરોના આંતરિક માર્ગોનું વિસ્તૃતિકરણ, ગટરલાઈનના ભંગાણ, પાણી લાઈનના લીકેજ તથા સ્ટ્રીટલાઈટના દુરસ્તીકરણમાં ખોદાતા ખાડા શિરદર્દ બને છે





ગાંધીનગર, તા.૨૮
ગાંધીનગર ચોમાસું બેસતાં જ ખાડાનગરમાં પરિવર્તિત થઈ જાય છે. શહેરમાં ચાલતા વિકાસલક્ષી કાર્યો દરમિયાન જાત જાતના ખાડાઓ ખોદવામાં આવે છે. વર્તમાન સમયમાં સેકટરોમાં ફોર લાઈન માર્ગ બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. મેટ્રોટ્રેનનો પ્રોજેકટ પણ ઘણા સમયથી ચાલુ છે. ચોમાસામાં વરસાદ પડવાથી આ માર્ગો પર માટી ધસી આવે છે અને કાદવ કીચડ થઈ જાય છે. ગાંધીનગર આમ જોવા જઈએતો વેલપ્લાન સીટી ગણાય છે છતાં ચોમાસા દરમિયાન ખાડા, ભૂવાઓ પડી જવાની ઘટના બને છે. શહેરમાં ચોમાસા અગાઉ જ મુખ્ય માર્ગો તથા દરેક સેકટરોના માર્ગોનું રિનોવેશન હાથ ધરાયું હતું છતાં ચોમાસું બેસતા જ માર્ગો પર મોટા મોટા ખાડા પડી ગયા છે. કેટલાક માર્ગો પાણી પડતાની સાથે ધોવાઈ ગયા હોય તેવી ખરાબ હાલતમાં છે. આવનારા ૪ દિવસ બાદ ગાંધીનગર જન્મદિવસ ઉજવનાર છે ત્યારે ઠેર ઠેર ખાડા અને કીચડ નજરે પડી રહ્યા છે. માર્ગો પર ચોમાસામાં પડતા ખાડાઓ અને કીચડના કારણે અકસ્માત સર્જાય છે. આમ શહેરમાં આવેલા અલગ અલગ વિસ્તારમાં રોડની હાલત બિસ્માર થઈ ગઈ છે. જેથી વાહનોની અવર જવરથી ધૂળ અને ઝીણી ઝીણી કાંકરીઓ ઉડતી હોય છે અને નાના વાહનચાલકોને આંખમાં ધૂળ/કાંકરીઓ પડવાથી હાલાકી થઈ રહી છે. કોન્ટ્રાકટરો કરોડો રૂપિયાનો કોન્ટ્રાકટ લઈને અને અધિકારીઓ નેતાઓની ભાગ બટાઈને કારણે રોડની બરાબર કામગીરી કરવામાં આવતી નથી.

આ ઉપરાંત નવા ખોદકામ થતાં હોય તેની માટી યોગ્ય રીતે વાળવામાં આવતી ના હોવાથી તેમજ તેની પર વોટરીંગ થતું ન હોવાથી તેનું સેટલમેન્ટ થાય છે અને બેસી જાય છે. આવા રોડ/માર્ગો પર વધુ વરસાદ પડે ત્યારે પાણીના પ્રેશરથી કે ભારે વાહન પસાર થવાથી માટી બેસી જાય છે અને ભૂવો પડે છે. શહેરીજનો પાસેથી સુખ સુવિધાના નામે કરોડો રૂપિયાનો વિવિધ પ્રકારનો ટેકસ ઉઘરાવી લેતું મ્યુનિ. તંત્ર લોકોને માર્ગો પર પડેલા ખાડા/ખાબોચીયા, કાદવ કીચડની સમસ્યાથી ઉગારી શકયું નથી. રોડ, ગટર, પાણી, સ્ટ્રીટલાઈટ વગેરેના ટેકસ શહેરીજનો પાસેથી ઉઘરાવાય છે પરંતુ આ તમામ સુવિધાઓમાં શહેરીજનો દૈનિક ધોરણે હાલાકી ભોગવી રહ્યા છે. માર્ગો પર કાદવ કીચડના કારણે મોટા સાધનો તેની સ્પીડમાં જ વાહન લાવતા આજુબાજુના ટુ વ્હીલરવાળા લોકોની પરવાહ કરતા નથી અને વાહનચાલકોને કાદવ કીચડવાળા કરી મુકે છે. જેથી લોકોને વાહન ચલાવવામાં હાડમારી ભોગવવી પડી રહી છે ત્યારે શહેરીજનોને હેરાન ન થવું પડે તે માટે સ્થાનિક તંત્ર દ્વારા સમયસર કામગીરી કરવામાં આવે તે જરૂરી છે કેમ કે, લોકો જે ટેકસ ભરે છે તે ટેકસના નાણાંની લોકોને પૂરતી સવલત મળે તે અનિવાર્ય છે.

### ભૂવા/ખાડા પડવાના કારણો કયા?

- જુની ગટરલાઈનમાં કાણું પડવાથી કે ભંગાણ પડવાથી
- મેનહોલની અંદરની બાજુ પ્લાસ્ટર હોય છે, બહારની બાજુ નહીં, તેથી ઈંટો જુની થતાં બેસી જાય છે.
- ગટરમાં પેદા થતાં ગેસને બહાર નીકળવા અગાઉ વેન્ટીલેટીંગ કોલમ ઉભા કરતા હતા તે હવે બંધ છે એટલે ભૂવા પડતા હોય છે.
- ગટરની બે પાઈપો વચ્ચેના જોડાણો કોન્ટ્રાટરો હલકાં વાપરે છે અને એન્જિનિયરો હપ્તા લઈને તેનું સુપરવિઝન નથી કરતાં.
- સ્ટોર્મવોટર ડ્રેનેજમાં કાણાં પાડી કરાતા ઘરેલું અને ઔધોગિક ગટરના જોડાણો.
- કેમિકલયુકત પાણીથી ગટરની પાઈપો નબળી પડી જવાથી

## સે-૨૩ની સોસાયટી વિસ્તારમાં ખોદાયેલા ખાડાઓથી ભારે હાલાકી

ગાંધીનગર, તા.૨૮
સેકટર-૨૩માં પાણીની નવીન પાઈપલાઈન નાંખ્યા બાદ સરકારી તંત્રની ઘોરબદેરકારીથી વસાહતીઓમાં



આક્રોશ ફેલાયો છે. વિરાટનગર, તેજસ, સૌરભ સોસાયટી તરફ પીવાના પાણીની મોટી પાઈપલાઈન નાંખતા રોડ ક્રોસીંગ કરતી વખતે તોડી નાંખેલ ડામર રોડ રીપેરીંગ ન થવાથી આ વિસ્તારના વસાહતીઓને વ્હીકલ લઈને જવામાં મુશ્કેલી પડી રહી છે. આ ઉપરાંત મનસ્વી સીકયુરીટી ઓફીસ પાસેના વડલા પાસે તોડેલ ડામર રોડ, સ્વામિનારાયણ મંદિર સર્કલ ચાર રસ્તા પાસે, ગુરૂકુલ સ્કુલ ત્રણ રસ્તા પાસે આમ ઉપરના સ્થળોએ પાટનગર યોજના વિભાગ-૩ તરફથી ૧૫ દિવસથી આ લાઈનો નાંખવાની કામગીરી પૂર્ણ થઈ છે છતાં તોડફોડ કરેલો રોડ રીપેર કરાયો નથી. ચોમાસામાં ઊંડા ખાડા પડી જતાં અકસ્માત/જાનહાની થવાની દહેશત થઈ ગઈ છે. જેથી જવાબદાર કોન્ટ્રાકટર અને અન્ય અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં ભરવા અને ૫ દિવસમાં રોડ રીપેર કરવા સંબંધિત વિસ્તારના શહેરીજનોએ આક્રોશ સાથે જણાવ્યું છે. જો આમ નહીં થાય તો સે-૨૩ના રહીશો ઉગ્ર આંદોલન કરશે તેવું જણાવેલ છે.

## જન્મદિને વધામણી


હંસાબેન પી પરમાર
મો. ૯૪૦૮૪ ૯૧૯૮૮


નિલેશ પુરુષોત્તમભાઈ શર્મા
મો. ૯૭૧૪૪ ૭૫૫૨૫


હિરબા ભાનુસિંહ બિહોલા
મો. ૯૮૨૫૩ ૦૯૧૩૦


ભગવતી શૈલેન્દ્રસિંહ સોલંકી
મો. ૯૯૧૩૭ ૭૪૨૨૮


રાણા જયવીરસિંહ અશોકસિંહ
મો. ૮૪૦૧૦ ૯૮૩૧૧


અલ્પેશ કાનુગા


ભગવતીબેન પટેલ
મો. ૯૮૨૪૨ ૭૨૮૫૨


સંધ્યા શ્રવણકુમાર મારવાડી
મો. ૯૫૭૪૮ ૨૧૦૭૨


નિસર્ગ ભરતભાઈ ગાંગાણી
મો. ૯૦૧૬૩ ૫૮૧૪૯


રુદ્રસિંહ સુધીરસિંહ ચાવડા
મો. ૯૭૧૨૭ ૩૪૩૪૦


ઋષિકેશ માંડલીયા
મો. ૮૧૪૦૧ ૦૪૨૦૩

## ગાંધીનગરમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના તેરમા સ્થાપના દિવસની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨૮
૩૧ જુલાઈ, ૨૦૦૯માં ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે સ્થપાયેલી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ તેની વિકાસયાત્રાનાં ૧૨ વર્ષ પૂર્ણ કર્યાં છે. યુનિવર્સિટી તેના તેરમા વર્ષના યશોદાયી પડાવને પાર કરવા ઉજ્જવળ દિશા તરફ પગરણ માંડી રહી છે ત્યારે બાર વર્ષનાં સુખદ સંભારણાંની ઉજવણી અને તેરમા વર્ષની સંકલ્પસિદ્ધિનું પર્વ તારીખ ૩૧ જુલાઈ, ૨૦૨૧ના રોજ સેક્ટર ૯ (નવ) સ્થિત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના સભાખંડમાં સાંજે ૦૩.૩૦ થી ૦૫.૦૦ દરમિયાન ચરિતાર્થ થશે. આ કીર્તિમાન પ્રસંગે ગુજરાતના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી શ્રીમતી વિભાવરીબહેન દવે, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના અગ્રસચિવ શ્રી એસ.જે. હેદર ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત યુનિવર્સિટીના પ્રથમ અને વર્તમાન કુલપતિ માનનીય શ્રી હર્ષદભાઈ શાહની નિશ્રામાં યુનિવર્સિટીનો સમગ્ર સ્ટાફ તથા વિશેષ નિમંત્રિતો ઉપસ્થિત રહેશે અને યુનિવર્સિટીની ૧૨ વર્ષની વિકાસગાથા અને યશગાથાને દૃશ્યશ્રાવ્ય રૂપે રજૂ કરવામાં આવશે. યુનિવર્સિટીના કુલસચિવ શ્રી અશોકભાઈ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમની સર્વગ્રાહી તૈયારીઓ કરવામાં આવી રહી છે, તેમજ યુનિવર્સિટીએ છેલ્લાં બે વર્ષમાં ભરેલી વિકાસની હરણફાળને અનેક આયામો દ્વારા અહીં પ્રસ્તુત કરવાનું આયોજન પણ કરેલ છે. બાળનિર્માણ દ્વારા ભારતના ભાવિનિર્માણના ધ્યેયને વરેલી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આ સાફલ્યટાણાના સાક્ષી બનવા યુનિવર્સિટીની પ્રત્યક્ષ મુલાકાત લેવા સૌને હાર્દિક નિમંત્રણ છે.

## કર્મયોગી ભવન સંકુલમાં વિવિધ કચેરીઓ દ્વારા વૃક્ષારોપણ કરાયું




ગાંધીનગર, તા.૨૮
સેક્ટર-૧૦, ગાંધીનગર ખાતે આવેલ કર્મયોગી ભવન સંકુલ પરિસરમાં પર્યાવરણની જાળવણી સંદર્ભે એક વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન તા.૨૬ જુલાઈ ૨૦૨૧ના રોજ ગુજરાત માહિતી આયોગ તેમજ કમિશ્નર ઓફ મ્યુનિસિપાલિટીઝ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ તથા ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગરની કચેરીઓના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સર્વશ્રી રાજયના મુખ્ય માહિતી કમિશ્નરશ્રી દીલીપ ઠાકર સહ રાજયના માહિતી કમિશ્નરશ્રીઓ તેમજ કમિશ્નરશ્રી મ્યુનિસિપાલિટીઝ એડમીનીસ્ટ્રેશનશ્રી રાજકુમાર બેનીવાલ આઈ.એ.એસ.ની હાજરીમાં સર્વે કચેરીઓના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓ દ્વારા વિવિધ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું. લીમડો, આસોપાલવ, સપ્તપર્ણી, ફીલ્ટુફોરમ અને આસ્ટરકૃલીયા જેવા આશરે ૨૦૦ થી વધુ વૃક્ષોનું સર્વે અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા ઉત્સાહભેર વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પ્રતિવર્ષ આ સંકુલમાં વૃક્ષારોપણ કરી વૃક્ષોની માવજત કરવામાં આવી રહેલ છે.

ગ્રીનસીટી તરીકેની પોતાની ઓળખ ધરાવનાર એવા ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગરમાં આ સમુહ વૃક્ષારોપણનો પ્રયાસ પર્યાવરણ પ્રત્યેની સહુ કોઈની નિષ્ઠાને પ્રબળ બનાવનાર બની રહ્યો હતો.

## શીખ ફાઉન્ડેશન દ્વારા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાત



ગાંધીનગર, તા. ૨૮
ગુજરાત રાજય શીખ ફાઉન્ડેશનના પ્રમુખ પરમજીત કૌર છાબડા, પરમીર સિંઘ (ઉપપ્રમુખ), ગુરૂચરણ સિંઘ છાબડા (સેક્રેટરી) તેમજ અન્ય હોદ્દેદારોએ ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાત લીધી હતી. જેમાં રાજયપાલશ્રીએ શીખ ફાઉન્ડેશનના હોદ્દેદારો સાથે ઉમળકાથી વાતચીત કરી શીખ સમાજની ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં, દેશના ઘડતરમાં અને વિકાસમાં યોગદાનની પ્રશંસા કરી હતી. શીખ ધર્મના દસમા ગુરૂ શ્રી ગોબિંદસિંઘજી અને તેમના પરિવાર દ્વારા દેશ તેમજ હિન્દુ ધર્મની રક્ષા માટે આપેલા બલિદાનને યાદ કરાયા હતા. સમગ્ર રાજયનો શીખ સમાજ ભારત દેશના વિકાસ કાર્યો માટે સંકલ્પબદ્ધ છે તેમ શીખ ફાઉન્ડેશન દ્વારા રાજયપાલશ્રીને જણાવવામાં આવ્યું હતું.

## ગુજરાત સોસીયો ઈકોનોમિક ડેવલપમેન્ટ સોસાયટીના કર્મચારીઓ પગારથી વંચિત

ગાંધીનગર, તા.૨૮
ગુજરાત સોસીયો ઈકોનોમિક ડેવલપમેન્ટ સોસાયટી જે અધિક નિયામક આરોગ્ય અને તબિબિ સેવાના હસ્તક ચાલે છે. આ સોસાયટીમાં ૨૫૦ થી વધુ કર્મચારીઓ કરાર આધારીત ફરજ બજાવી રહ્યા છે.ત્યારે હજુ સુધી આ કર્મચારીઓનો જુન માસનો પગાર ન થતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠયો છે. પગાર ન થતા કર્મચારીઓની હાલત કફોડી બની જવા પામી છે. આ સોસાયટી માસના અંતિમ સપ્તાહમાં જ પગારની ચુકવણી કરે છે. જયારે રાજયના દરેક કર્મચારીઓનો પગાર તા.૧ થી ૫ માં થઈ જતો હોય છે.પરંતુ ગુજરાત સોસીયો ઈકોનોમિક ડેવલપમેન્ટ સોસાયટીનો પગાર કેટલીક વાર તો બે ત્રણ માસનો એકઠો થાય છે. રાજય સરકારના અધિકારી-કર્મચારીઓ પોતાનો પગાર નિયમિત મેળવી રહ્યા છે. પરંતુ કરાર આધારીક કર્મચારીઓને પગાર ટાઈમસર મળતો નથી તેની પાછળનું રહસ્ય કર્મચારીઓને સમજાતુ નથી. કોરોના મહામારીમાં માંડ નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા કર્મચારીઓને ના છુટકે કોઈની પાસેથી ઉછીના રૂપીયા લઈ ઘરખર્ચ કરવો પડે છે. જયારે પગારથી વંચિત કર્મચારીઓ દ્વારા પગાર અંગે પુછવામાં આવે છે તો ઉડાઉ જવાબ સાંભળવા મળે છે. પગાર અધિકારીઓ આવશે તો થશે સમય પણ થશે બાકી હાલ નોકરીમાં ધ્યાન આપો તેવું સાંભળવા મળતા નોકરી કરતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠયો છે. ત્યારે હવે આ કર્મચારીઓનો પગાર ઝડપી થાય તેવી લાગણી અને માંગણી છે.

## ગાંધીનગર ખાતે પહેલી ઓગસ્ટથી એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૮
આ અંગે ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ જણાવ્યું છે કે, રાજય સરકાર દ્વારા તા. ૬ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ યુવા શક્તિ દિન તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત તા. ૧ થી ૪ ઓગસ્ટ, ૨૦૨૧ દરમિયાન એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ઈચ્છુક ઉમેદવારો તથા ગાંધીનગર જિલ્લાના ઔદ્યોગિક/વહીવટી એકમોને ભરતી મેળાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે. વધુ માહિતી અત્રેની સંસ્થા ખાતે આસી. એપ્રેન્ટીસ એડવાઈઝરશ્રી / આચાર્યશ્રીનો રૂબરૂ સંપર્ક સાધી મેળવી શકાશે.

## ઓનલાઈન મેગા જોબફેર

ગાંધીનગર, તા.૨૮
રોજગારવાન્છું યુવાનો વિવિધ રોજગારીની તકોથી વંચિત ન રહે તથા નોકરીદાતાઓને રોજગાર કચેરી દ્વારા સતત કુશળ માનવબળ પ્રાપ્ત થઈ શકે તે હેતુસર વર્ચુઅલ એટલે કે ઓનલાઈન 'રાજયવ્યાપી' રોજગાર ભરતીમેળા અંગે જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા ૩૧/૦૭/૨૦૨૧ તેમજ ૦૨/૦૮/૨૦૨૧ થી ૦૪/૦૮/૨૦૨૧ દરમ્યાન આયોજન થનાર છે.

ગાંધીનગર જીલ્લાના ઉમેદવારોના રજીસ્ટ્રેશન માટે **rb.gy/xbqe44** લિંક બનાવવામાં આવી છે. જેમાં રોજગારવાન્છું યુવાઓને મોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરી, ઓનલાઈન રોજગાર ભરતીમેળાનો લાભ લઈ શકશે. ઉપરોક્ત યોજાનાર ઓનલાઈન રોજગાર ભરતીમેળામાં ગાંધીનગર જીલ્લાના તમામ રોજગારવાન્છું ઉમેદવારોને મોટી સંખ્યામાં ભાગ લેવા જિલ્લા રોજગાર અધિકારીએ જણાવ્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું છે કે, ઓનલાઈન રોજગાર ભરતીમેળામાં કોઈપણ ઉમેદવારોએ રૂબરૂ મુલાકાત લેવાની રહેશે નહિ. વધુ માહિતી મેળવવા માટે હેલ્પલાઈન નંબર – ૬૩૫૭૩૯૦૩૯૦૫૨ સંપર્ક કરી શકશે.

## કોલવડાથી 'ક' રોડ માર્ગ પર સ્ટ્રીટલાઈટનું ખાતમુર્હત કરાયુ

ગાંધીનગર, તા. ૨૮
કોલવડાથી ક-રોડ ચોકડી સુધી ફોરલેન રોડ બનાવવામાં આવ્યો છે. તેમાં ખુટતી કડી (સ્ટ્રીટલાઈટ)નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ સ્ટ્રીટલાઈટ માટે રૂ. ૯૨ લાખની મંજૂરી પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલની રજૂઆત બાદ નીતિનભાઈ પટેલ (નાયબ મુખ્યમંત્રી)એ મંજૂર કરી છે તે બદલ પૂર્વ ધારાસભ્ય અને ગામના સૌ આગેવાનો તરફથી મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ઠાકોર ભેમાજી બેચરજી**, ઉ.વ. ૫૮, બોરીજ
- **સ્વ. મેસરીયા મહેન્દ્રભાઈ નરસિંહભાઈ**, ઉ.વ. ૪૪, સૈજપુરબોઘા, અમદાવાદ